# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 22-08-2026** **EVENING: 7.10 TO 7.20**

**Day :SATURDAY** **REGIONAL NEWS**

આકાશવાણી અમદાવાદ - વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

*****************************************************

1) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અમેરિકા પ્રવાસનો છઠ્ઠો દિવસ - અગ્રણી કંપનીઓએ ગિફ્ટ સિટીમાં રોકાણ કરવામાં રસ દાખવ્યો.

2) રાજ્યના દિવ્યાંગ કર્મચારીઓને બઢતીમાં અનામતનો લાભ આપવા યોગ્ય નીતિ નક્કી કરવા ઉચ્ચકક્ષાની સમિતિની રચના.

3) કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી અનુપ્રિયા પટેલે કહ્યું, ભારતે વિશ્વની પ્રયોગશાળા તરફ આગળ વધવું જોઈએ.

4) રાજ્યભરમાં આગામી 29 તારીખ સુધી સામાન્ય વરસાદની આગાહી.

5) ફિબા બાસ્કેટબૉલ સ્પર્ધામાં ઑસ્ટ્રેલિયા અને કોરિયા વચ્ચે આજે સેમિ-ફાઈનલનો બીજો મુકાબલો.

*****************************************************

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# EVE CM PATEL US VISIT

**અમેરિકા પ્રવાસના છઠ્ઠા દિવસે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ન્યૂયૉર્કમાં જેપી મોર્ગન, ટિલમેન ગ્લૉબલ હૉલ્ડિંગ, ઉબર અને ગૉલૂબ કૅપિટલના પ્રતિનિધિઓ સાથે સીધી મુલાકાત કરી. દરમિયાન જે. પી. મૉર્ગને ગિફ્ટ સિટીમાં ઉદ્યોગના વિસ્તરણની યોજના અંગે શ્રી પટેલને માહિતી આપી. કંપનીએ વૈશ્વિક નાણાકીય સંસ્થાઓનો આવો વધતો વિશ્વાસ ગિફ્ટ સિટીને અગ્રણી વૈશ્વિક નાણાકીય કેન્દ્ર તરીકે વધુ સુદ્રઢ બનાવશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. અમેરિકાની આ મુલાકાતથી ગુજરાતમાં વૈશ્વિક રોકાણ અને અદ્યતન ટેક્નોલોજીના નવા દ્વાર ખૂલશે તેમ, સત્તાવાર યાદીમાં જણાવાયું. શ્રી પટેલે IBM રિસર્ચની પણ મુલાકાત લીધી.**

## (VOICECAST: HEMANGINI SONARA)

(મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમેરિકાના પ્રવાસ દરમિયાન મોટા ઉદ્યોગકારો સાથે મુલાકાત કરી રહ્યા છે. તેમણે ગૉલૂબ કેપિટલના સહ-અધ્યક્ષ જેરી કીફ સાથે પણ બેઠક યોજી, જેમાં કંપનીએ ગિફ્ટ સિટીમાં રોકાણ કરવામાં અને બૅન્કિંગ, વીમા અને ઍક્સચેન્જ ક્ષેત્રે તેના સહયાગી વૈશ્વિક ખેલાડીઓને ગિફ્ટ સિટીના મંચ સાથે જોડવામાં રસ દાખવ્યો. તો, ઉબરે ગુજરાતના બીજી અને ત્રીજી શ્રેણીના શહેરોમાં તેની હાજરીનું વિસ્તરણ કરવામાં તથા ગુજરાતમાં યોજાનારી મોટી રમતગમતની આગામી સ્પર્ધાઓ માટે ભાગીદારીની સંભાવનાઓમાં રસ દાખવ્યો. જ્યારે ટિલમેન ગ્લૉબલ હૉલ્ડિંગના સ્થાપક અને અધ્યક્ષ સંજીવ આહૂજાએ શ્રી પટેલ સાથેની બેઠકમાં યોગ્ય નીતિ, વાતાવરણ અને સરકાર-ઉદ્યોગ વચ્ચેનો મજબૂત સહયોગ ડેટા સેન્ટર ક્ષેત્રના વિકાસને વધુ ઝડપી બનાવશે એવો મત વ્યક્ત કર્યો. ઉપરાંત શ્રી પટેલે કૃત્રિમ બુદ્ધિમત્તા- A.I., ક્વૉન્ટમ કમ્પ્યૂટિંગ અને સેમિ-કન્ડક્ટરમાં સંશોધન અને વિકાસમાં સહકારની સંભાવનાઓ ચકાસવા યોર્કટાઉન હાઈટ્સ ખાતે IBM રિસર્ચની મુલાકાત પણ લીધી) હેમાંગિની સોનારા, પ્રાદેશિક સમાચાર, અમદાવાદ.)

# REV GUJ GOVT POLICY COMMITTEE

**રાજ્ય સરકારે તેમના દિવ્યાંગ કર્મચારીઓને બઢતીમાં અનામતનો લાભ આપવા યોગ્ય નીતિ નક્કી કરવા ઉચ્ચકક્ષાની સમિતિની રચના કરી છે. પાંચ સભ્યોની આ સમિતિના અધ્યક્ષ મુખ્યસચિવ હશે.**

## (VOICECAST: PRAVESH ADIECHA)

*(ઉચ્ચકક્ષાની આ સમિતિ દિવ્યાંગ અધિકારીઓ અને કર્મચારીઓને બઢતીમાં અનામત આપવા યોગ્ય નીતિ શું હોઈ શકે અને તેના અમલ માટે કયા પગલાં જરૂરી રહેશે તે અંગે ભલામણ રજૂ કરશે. અન્ય રાજ્યોની નીતિઓ, કાયદાકીય જોગવાઈઓ અને અદાલતી ચુકાદાઓના આધારે બઢતીમાં અનામતની ટકાવારી સહિતના મહત્વના મુદ્દાઓ અંગે પણ સમિતિ અભ્યાસ કરશે. સાથે જ સમિતિને જરૂર જણાય ત્યારે કોઈપણ વિભાગ અને કચેરી પાસેથી જરૂરી માહિતી અને અભિપ્રાય મેળવવાની સત્તા પણ અપાઈ છે. સમિતિની કાર્યવાહી રાજ્ય સરકાર દ્વારા નક્કી કરાતી સમયમર્યાદા મુજબ આગળ વધશે, તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે. આ સમિતિમાં સામાન્ય વહીવટ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ તથા કાયદા વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપરાંત દિવ્યાંગ વ્યક્તિઓ માટેની કચેરીના કમિશનરનો સમાવેશ કરાયો છે.) સોનલ પરમાર, પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ.)*

# MINISTER ANUPRIYA PATEL IIMA

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રી અનુપ્રિયા પટેલે કહ્યું, ભારતે વિશ્વની ફાર્મસી એટલે કે, વિશ્વમાં મોટા પ્રમાણમાં દવાઓ પૂરી પાડવાના દેશ બનવાથી આગળ વધીને વિશ્વની પ્રયોગશાળા તરફ આગળ વધવું જોઈએ. I.I.M. અમદાવાદમાં યોજાયેલા આરોગ્ય સંભાળ સંમેલનને સંબોધતાં સુશ્રી પટેલે આ વાત કહી. તેમણે દર્દીની ગોપનીયતા માટે મજબૂત સુરક્ષાત્મક ઉપાય સાથે કૃત્રિમ બુદ્ધિમત્તા – A.I.ને સલામત અને જવાબદારી સાથે અપનાવવા પર પણ ભાર આપ્યો.

સંમેલનમાં વક્તાઓએ દવાઓની શોધ અને આરોગ્ય સંભાળ ડિલિવરીમાં A.I.ની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો. સંમેલનમાં ઈન્ડિયા ફાર્મા આર્કાઈવ્ઝ અને ભારતની કોવિડ-19 વેક્સિન યાત્રા પરના પુસ્તકનું અનાવરણ કરાયું.

# BHAVANAGAR LIQUOR TRAGEDY

ભાવનગરમાં ભેળસેળયુક્ત ઝેરી કેફી દ્રવ્યના સેવન બાદ સર્જાયેલી દુર્ઘટનામાં આજે વધુ ત્રણ લોકોના  મોત થતાં કુલ મૃત્યુઆંક 11 થયો. અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે, સર ટી. હોસ્પિટલમાં હજી આઠ દર્દી સારવાર હેઠળ છે. જ્યારે 26 દર્દીને રજા અપાઈ છે.

# KUTCH BLAST

કચ્છમાં ભંગારના વાડામાં વિસ્ફોટ થતાં ચાર લોકોના મોત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ હેમાંગ પટ્ટણી જણાવે છે, નખત્રાણાના કોટડા પાસે મફતનગર વિસ્તારમાં સર્જાયેલી આ ઘટનામાં બે બાળક સહિત એક જ પરિવારના ચાર સભ્યના મોત નીપજ્યા. આ અંગેની જાણ થતાં પોલીસે ઘટનાસ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી. વિસ્ફોટનું કારણ જાણવા અંગે હાલ તપાસ ચાલી રહી છે

# DAMAN DRUGS SEIZED

કેન્દ્રશાસિત પ્રદેશ દમણના કચીગામમાંથી 989 ગ્રામ કેફી પદાર્થ સાથે એક યુવકની ધરપકડ કરવામાં આવી. અમારા પ્રતિનિધિ પ્રદીપ ભાવસાર જણાવે છે, નશામુક્ત અભિયાન અંતર્ગત દમણ પોલીસે પેટ્રોલીંગ દરમિયાન પકડેલા આ યુવકને અદાલતમાં રજૂ કરાતા અદાલતે તેને 25 ઑગસ્ટ સુધી રિમાન્ડ પર મોકલ્યો છે. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# GNR CIDSCON HEALTH MINISTER

આરોગ્ય મંત્રી પ્રફૂલ પાનશેરીયાએ નાના દવાખાનાઓ અને તબીબો દ્વારા નાની-મોટી બીમારીઓમાં વધુ માત્રાના કે વધારે પાવરવાળી એન્ટીબાયોટિક્સ દવા લખવાના વલણ અંગે ચિંતા વ્યક્ત કરી. ગાંધીનગરમાં ક્લિનિકલ ઇન્ફે-ક્શિયસ ડિસીઝ સોસાયટી દ્વારા યોજાયેલી 16-મી વાર્ષિક પરિષદમાં ભાગ લીધા બાદ પત્રકારો સાથેની વાતચીતમાં શ્રી પાનશેરિયાએ કહ્યું, આવી દવાઓનો ઉપયોગ ભવિષ્યમાં જનસ્વાસ્થ્ય માટે મોટું જોખમ બની શકે છે. તેમણે આ સમસ્યાના નિવારણ માટે સરકાર દ્વારા ટૂંક સમયમાં તમામ તબીબોને સાંકળી રાજ્યવ્યાપી જાગૃતિ કાર્યક્રમ યોજવાની પણ જાહેરાત કરી.

(BYTE: PRAFUL PANSHERIYA, HEALTH MINISTER)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# DANG SAPUTARA MONSOON FEST

ડાંગમાં સાપુતારાની હરિયાળી, ધુમ્મસથી ઘેરાયેલા પહાડો અને ઠંડા વાતાવરણ વચ્ચે મૉન્સૂન ફૅસ્ટિવલ પ્રવાસીઓમાં લોકપ્રિય બન્યો છે. સાપુતારા ખાતે આદિવાસી સમુદાયના પરંપરાગત જીવનશૈલી અને સ્થાનિક સ્વાદને લોકો સુધી પહોંચાડવા સખી મંડળને અપાયેલા ફૂડ સ્ટોલ  પર પાંચ ધાન્યના પુડલા, અડદની દાળ, ચટણી પ્રવાસીઓનું આકર્ષણ બન્યા છે. આ અંગે એક પ્રવાસીનો પ્રતિભાવ સાંભળીએ.

(BYTE: DANG VISITOR)

# BVR VAN MAHOTSAV

કૃષિમંત્રી જીતુ વાઘાણીની અધ્યક્ષતામાં ભાવનગરના સિહોરમાં જિલ્લાકક્ષાનો 77મો વન મહોત્સવ યોજાયો. આ પ્રસંગે તેમણે રાષ્ટ્રપ્રથમ સાથે પ્રકૃતિ પ્રથમના મંત્રને અપનાવી હરિયાળું ગુજરાત બનાવવા અનુરોધ કર્યો. શ્રી વાઘાણીએ એક પેડ માઁ નામ અભિયાનના ત્રીજા તબક્કા અંતર્ગત વૃક્ષારોપણ કરી વૃક્ષરથનું પણ પ્રસ્થાન કરાવ્યું.

# AMD FOOD ACTION

રાજ્યભરમાં અમદાવાદ સહિત વિવિધ જગ્યાએ 30થી વધુ મેડિકલ સ્ટોર અને પેઢીઓમાં તપાસ હાથ ધરાઈ. બનાવટી દવાના વેચાણ સામે કરાયેલી કામગીરી દરમિયાન ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા નિકાર્ડિયા રિટાર્ટ-10ની એક હજાર 250 ટેબલેટ જપ્ત કરવામાં આવી. સાથે જ એક લાખ 70 હજાર રૂપિયાનો શંકાસ્પદ દવાનો જથ્થો પ્રતિબંધિત કરાયો.

તપાસ દરમિયાન અન્ય શંકાસ્પદ દવાઓના પણ નમૂના લેવાયા. પ્રાથમિક તપાસમાં શંકાસ્પદ દવાની પૂરવઠા શ્રૃંખલા પણ સામે આવી છે. આ સમગ્ર તપાસનો વ્યાપ ઉત્પાદક સુધી લઈ જવાશે. જરૂર જણાશે તો સંડોવાયેલા લોકો સામે પોલીસ કાર્યવાહી કરાશે, તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

# EVE STATE WEATHER FORECAST

રાજ્યના કેટલાક જિલ્લામાં આજે વરસાદી માહોલ જોવા મળ્યો. દરમિયાન રાજ્યભરમાં આગામી 29 તારીખ સુધી સામાન્ય વરસાદની આગાહી છે. બીજી તરફ, અત્યાર સુધી સામાન્યની સરખામણીએ રાજ્યમાં ચાર ટકા ઓછો વરસાદ નોંધાયો હોવાનું હવામાન વિભાગ અમદાવાદના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું.

(BYTE: RAMASHRAY YADAV, SCIENTIST, IMD AHMEDABAD)

# EVE FIBA BASKETBALL UPDATE

આંતરરાષ્ટ્રીય બાસ્કેટબૉલ મહામંડળ – ફિબા અંડર-18 એશિયા કપ બાસ્કેટબૉલ સ્પર્ધામાં સેમિફાઈનલનો મુકાબલો આજે ઑસ્ટ્રેલિયા અને કૉરિયા વચ્ચે રમાશે. અમદાવાદમાં વીર સાવરકર રમતગમત સંકુલ ખાતે હમણાં સાડા સાત વાગ્યે આ મેચ શરૂ થશે.

અગાઉ પહેલી સેમિ-ફાઈનલ મેચમાં ચીને ન્યૂઝિલૅન્ડને  હરાવ્યું. મેચના અંતે ન્યૂઝિલૅન્ડનો સ્કોર 66 અને ચીનનો સ્કોર 79 રહ્યો હતો.

તો, આજના દિવસની બીજી મેચ ઈરાન અને ચાઈનીઝ તાઈપે વચ્ચે રમાઈ, જેમાં 105ના સ્કોર સાથે ઈરાનનો વિજય થયો. તો પહેલી મેચમાં જાપાને ફિલિપિન્સને પરાજય આપ્યો. મેચના અંતે જાપાનનો સ્કોર 80 અને ફિલિપિન્સનો સ્કોર 75 રહ્યો.

# MRB MARKET RATE COMMITTEE

મોરબીના રાણેકપર ગામમાં પ્રતિ વિઘાનો ભાવ 72 લાખ 81 હજાર નિર્ધારિત કરાયો છે. મોરબીના હળવદ તાલુકાના કોયબા અને રાણેકપુર ગામના અસરગ્રસ્ત ખેડૂતોની જમીનના બજાર ભાવ સરકારના ઠરાવની જોગવાઈ મુજબ નક્કી કરાયા હતા. આ જોગવાઈ મુજબ, ત્રણ મૂલ્યાંકનકારોએ તેમના ભાવ બંધ કવરમાં રજૂ કર્યા. તમામ સરવે નંબરોની જમીનનું મૂલ્યાંકન કરાતા રાણેકપર ગામની જમીનનો અગાઉનો ભાવ 13 લાખ 46 હજાર પ્રતિ વિઘા હતો. બજાર ભાવ સમિતિ દ્વારા નક્કી કરાયેલા ભાવને જોગવાઈ મુજબ, બમણો કરતા હવે અંદાજે 72 લાખ 81 હજાર પ્રતિ વિઘા ભાવ નક્કી કરાયો છે. આમ, અગાઉના ભાવની સરખામણીએ પાંચ ગણાથી પણ વધુ ભાવ નક્કી કરાયો છે.

બજાર ભાવ સમિતિના અધ્યક્ષ અને જિલ્લા કલેક્ટર, જિલ્લા મેજિસ્ટ્રેટ સ્વપ્નિલ ખરેએ સંબંધિત ટ્રાન્સમિશન કંપનીઓને બજાર ભાવ સમિતિ દ્વારા નક્કી કરાયેલા ભાવ મુજબનું 100 ટકા વળતર અસરગ્રસ્ત ખેડૂતોને સાત દિવસમાં ચૂકવવા અનુરોધ કર્યો.